ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૧૨.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૩૬ ટકા

# જિલ્લાના ૩૦થી વધુ વય ધરાવતા વ્યકિતઓનો આરોગ્યલક્ષી સર્વે કરાશે

ગાંધીનગર, તા.૧૬

આરોગ્યલક્ષી સેવાઓનો લાભ રાજયના છેવાડાના નાગરીકો સુધી પહોંચાડી શકાય એ માટે છેલ્લા કેટલાક સમયથી આરોગ્ય વિભાગ કમરકસી રહ્યું છે. જયારે આ સેવાઓમાં વધુ એક સેવાનો એનસીડી સેલ દ્વારા પ્રારંભ કરવામાં આવ્યો છે.જેમાં પોપ્યુલેશન બેઝ્ડ સ્કીનીંગ પ્રોગામ હેઠળ આશા બહેનોએ જિલ્લામાં દહેગામ અને ગાંધીનગર તાલુકામાં ડોર-ટુ-ડોર જઈ ૩૨ હજારથી વધુ નાગરીકોનું બિનચેપી રોગનું સર્વેક્ષણ કર્યુ છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં કામગીરી પૂર્ણ થઈ ગઈ છે જયારે ગાંધીનગર તાલુકામાં કામગીરી શરુ છે. જયારે કલોલ અને માણસામાં આ કામગીરીનો પ્રારંભ ટુંક સમયમાં થશે.

દેશભરમાં એનસીડી સેલ દ્વારા પોપ્યુલેશન બેઝ્ડ સ્કીનીંગ પ્રોગામ હેઠળ ભારતના ૧૦૦ જિલ્લાની પસંદગી કરવામાં આવી છે. તેમાં ગુજરાતના ત્રણ જિલ્લામાં પસંદગી પામ્યા છે. જેમાં ગાંધીનગર, પોરબંદર, અને રાજકોટનો સમાવેશ થાય છે. જયારે બે કોર્પોરેશનના વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવનાર છે તેમાં ગાંધીનગર અને રાજકોટની કોર્પોરેશનનો સમાવેશ કરાયો છે. આ સ્કીનીગ પ્રોગામ હેઠળ ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા ૧૩ લાખ વ્યકિતની ડોર-ટુ-ડોર જઈ હાઈબ્લડપ્રેશર, ડાયાબિટીશ, તેમજ કેન્સર જેવા બિનચેપી રોગનું સર્વેક્ષણ કરવામાં આવનાર હતું. જેનો અનુલક્ષી તાજેતરમાં જિલ્લાના દહેગામ અને ગાંધીનગર તાલુકામાં એનસીડી સેલ દ્વારા આ પ્રોગામની શરુઆત કરાઈ છે. જેમાં ૩૨ હજાર નાગરીકોનું ડોર-ટુ-ડોર જઈને આશા બહેનોએ સર્વેક્ષણ કર્યુ છે. આ સર્વેક્ષણમાં પરિવારના સભ્યોની ઉંમર, ગુટકા, તેમથા ધુમ્રપાનનું સેવન કરો છો, મદિરાનું સેવન કરો છો, અઠવાડીયામાં ૧૫૦ મીનીટ શારીરીક કસરત કરો છો તેમજ હદયરોગ, ડાયાબિટીશ, અને બ્લડપ્રેશર જેવી કૌંટુબીક બિમારી છે કે નહી તે સહિતના પ્રશ્નોની વિગત ફોર્મમાં ભરવામાં આવી રહી છે. ગાંધીનગર અને માણસામાં સર્વેક્ષણ થઈ ગયા બાદ માણસા અને કલોલમાં સર્વેક્ષણ હાથ ધરાશે. આશા બહેનો દ્વારા આ સર્વેક્ષણ હેઠળ ફોર્મ ભરવામાં આવેલ માહિતીના આધારે સ્કોર ગણવામાં આવશે. ૪ થી વધુ સ્કોર થનાર વ્યકિતને બિનચેપીરોગ માટે હાઈ રિસ્ક ગણી પ્રાથમિક સારવાર કેન્દ્રમાં બિનચેપી રોગો માટેના ટેસ્ટ કરવામાં આવશે. ટેસ્ટ બાદ હાઈ બ્લડ પ્રેશર, ડાયાબીટીશ તેમજ કેન્સર જેવા રોગ ધરાવતા દર્દીઓને સારવાર આપવામાં આવશે.



સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા શહેરમાં પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે ઉત્તરાયણ પર્વના બે દિવસ અગાઉ અનાજની કીટ અને ગરમ ધાબળા સાથે ૧૯ વસ્તુની કીટ તૈયાર કરી ૩૦ વિધવા અને જરૂરીયાતમંદ બહેનોને આપવામાં આવી હતી. આ પ્રસંગે કન્વીનર મીનાબેન શાહ, જે.એસ. શાહ, બી.ડી. શાહ, અક્ષયભાઈ રાણા, દશરથભાઈ પરમાર, મનહરભાઈ શાહ, અશ્વિનભાઈ શાહ, અનિલભાઈ કક્કડ, મહેન્દ્રભાઈ વાઘેલા, આશાબેન દોશી અને દામીનીબેન લાખીયાએ હાજર રહી સેવા આપી હતી.

# પોલિસ પર હુમલો કરનાર બુટલેગર સ્ટેલીનો દારૂ પકડાયો

ગાંધીનગર, તા.૧૬

પેથાપુર પોલિસ ઉપર જીવલેણ હુમલો કરનાર પેથાપુરના બુટલેગર સ્ટેલીનો દારૂ-બિયરનો જથ્થો પોલિસે પકડી પાડયો છે. પેથાપુરના બોરકુવાની ઓરડી આગળ જમીનમાં એક ભોંયરૂ બનાવી તેમાં સંતાડીને મુકેલો ૯૨ વિદેશી દારૂની બોટલ તથા ૩૦૮ બિયરના ટીનનો જથ્થો સંતાડવામાં આવ્યો હતો આ જથ્થો જપ્ત કરી પેથાપુર પોલિસે એક સાગરીતની ધરપકડ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

પેથાપુર પોલિસે બોરકુવાની ઓરડી પાસે દારૂનો જથ્થો સંતાડવા બનાવેલા ભોંયરાને શોધી કાઢી વિજયસિંહ નારણસિંહ વાઘેલાને પકડી પાડયો છે. પેથાપુર પોલિસ અને એલસીબીએ રેડ પાડી વિજયસિંહની હાજરીમાં ભોંયરૂ ખોલી તપાસ કરતા અંદરથી રૂ. ૩૬ હજારની કિંમતનો અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારૂનો જથ્થો તથા રૂ. ૩૦,૮૦૦ની કિંમતના બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. વિજયસિંહના ખેતરમાંથી મળેલા આ જથ્થા મામલે પુછપરછ કરતા શૈલેન્દ્રસિંહ ઉર્ફે સ્ટેલી શંકરસિંહ વાઘેલા તથા હેમંત હજારીલાલ ખત્રીએ ચારેક દિવસ અગાઉ આ માલ સંતાડયો હોવાનું બહાર આવ્યું છે. વિજયસિંહ વાઘેલાની ધરપકડ કરી સ્ટેલી અને હેમંતખત્રીની ધરપકડ માટે તજવીજ શરુ કરવામાં આવી છે.



# કોલવડા આર્યુવેદિક કોલેજ ખાતે ગર્ભાવિક્રાંતિ કેન્દ્રનો પ્રારંભ

ભારતીય સંસ્કૃતિની અમુલ્ય ભેટ સમા આર્યુવેદ વિજ્ઞાનમાં કેવળ રોગોની ચિકિત્સા જ નહીં. પરંતુ મનુષ્ય કંઈ રીતે સ્વસ્થ રહી શકે તેના વિશે શ્રેષ્ઠ માર્ગદર્શન આપવામાં આવ્યુ છે.તેમા પણ સ્વસ્થ જીવન માટેનો વિચાર જન્મ પહેલાથી એટલે કે ગર્ભધારણ થાય તે સમયથી કરવામાં આવ્યો છે. જન્મ લેનાર બાળક સ્વસ્થ, મેધાવી, તથા સંસ્કારી બને અને સમાજ તેમજ રાષ્ટ્રની પ્રગતિમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદાન કરે તેવા ઉમદા હેતુથી નિયામકશ્રી ભારતીય તબિબિ અને હોમિયોપેથી પધ્ધતિની કચેરી તેમજ સ્ટેટ મોડલ આર્યુવેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ કોલવડાના માર્ગદર્શનથી આર્યુવેદ હોસ્પિટલ કોલવડા ખાતે સ્ત્રી રોગ-પ્રસુતિ તંત્ર વિભાગ દ્વારા ગર્ભાવક્રાંતિ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ ગર્ભાવક્રાંતિ કેન્દ્રમાં નિષ્ણાંત તબીબો દ્વારા ગર્ભધારણ પૂર્વે, ગર્ભધારણ કર્યા બાદ, તેમજ પ્રસવ બાદ તેમ દરેક તબક્કાનું માર્ગદર્શન, શિક્ષણ અને સારવાર આપવામાં આવે છે. ગર્ભધારણ પહેલા દંપતિને શરીર શુધ્ધી અને મન શુધ્ધી દ્વારા ઉત્તમ બીજ ઉત્પતિ માટે તથા ગર્ભધારણ માટે યોગ્ય સમય વાતાવરણ, વસ્ત્રો વગેરે સંબંધી જરુરી માર્ગદર્શન આપવામાં આવે છે.

ગર્ભધારણ બાદ પહેલા માસથી નવ માસ સુધી પરિચર્યા (આહાર, વિહાર અને દિનચર્યા), પ્રાર્થના, મંત્ર, તંત્ર, યોગ-પ્રાણાયામ સંગીત ગર્ભસંવાદ, વ્યાખ્યાન તેમજ ઓડીયો-વિડીયોના માધ્યમથી ગર્ભસ્થ શિશુને શિક્ષણ આપવા માટે સપ્તાહમાં બે વાર ખાસ તાલિમ આપવામાં આવશે. તેમજ નોર્મલ ડિલીવરી થાય તે માટે જરુરી માર્ગદર્શન આપવામાં આવે છે. પ્રસવ બાદ આહાર-વિહાર, સ્તનપાન તથા બાળકની યોગ્ય સાર-સંભાળલક્ષી માર્ગદર્શન તથા સારવાર આપવામાં આવશે.ગર્ભાવક્રાંતિ કેન્દ્ર અંતર્ગત સ્ટેટ મોડલ આર્યુવેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ કોલવડા ખાતે આપવામાં આવતું માર્ગદર્શન, તાલિમ તેમજ સારવાર વિના મુલ્યે આપવામાં આવનાર છે.

# ગાંધીનગરના ચારેય તાલુકાઓમાં તા. ૧૮ થી ૨૯મી જાન્યુઆરી દરમિયાન ભરતી મેળા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા તા. ૧૮ થી ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૮ દરમ્યાન જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં કલોલ તાલુકામાં ભરતી મેળો તા.૧૮મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે સરકારી ટેકનીકલ સંસ્થા, તાલુકા પોલીસ સ્ટેશન સામે, હાઈવે, કલોલ ખાતે યોજાશે. દહેગામ તાલુકામાં ભરતી મેળાનું આયોજન તા. ૨૪મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ( દહેગામ વિભાગ) આશીર્વાદ આંખની હોસ્પિટલ સામે, દહેગામ ખાતે કરવામાં આવ્યું છે. તેમજ ગાંધીનગર તાલુકામાં તા. ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ભવન, સોમનાથ મહાદેવ મંદિર પાસે, વિદ્યા લાયબ્રેરી પાછળ, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે યોજાશે. તા. ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે ભરતી મેળો માણસા તાલુકામાં નગરપાલિકા કોમ્યુનિટી હોલ, પેટા તિજોરી કચેરી પાસે, તખતપુરા, માણસા ખાતે યોજાશે. આ ભરતી મેળાઓમાં મેન્યુફેકચરિંગ, સિક્યુરીટી, આઇ.ટી, સર્વિસ, બેન્કિંગ અને અન્ય ક્ષેત્રે રોજગારીની તકો ઉમેદવારોને પ્રાપ્ત થશે. આ તમામ ભરતી મેળામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોએ સ્થળ પર ફકત બાયોડેટાની ઝેરોક્ષ નકલો જ સાથે રાખવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

# સે-૭માં માનસિક વિશિષ્ટ બાળકોએ મકરસક્રાંતિ પર્વ ઉજવ્યુ



ગાંધીનગર, તા.૧૬

મકરસક્રાંતિનો તહેવાર પતંગ પર્વ ઉપરાંત દાન-પૂણ્ય કાર્યો કરવા માટે પણ મહત્વનો ગણાય છે. આ પર્વે ખાસ કરીને અબોલ પશુ-પંખીઓ માટે ચારો કે ચણ નીરવાનું સદકાર્ય હાથ ધરવામાં આવે છે. બીજી તરફ ઉત્તરાયણના તહેવારે નાના ભૂલકાંઓથી માંડીને વયોવૃધ્ધ વડીલો પતંગ ચગાવવા માટે થનગની રહ્યા હોય છે. શહેરની માનસિક વિશિષ્ટ બાળકોના પુનર્વસન માટે કાર્યરત સંસ્થા હેત ફાઉન્ડેશન દ્વારા આ પ્રસંગે દિવ્યાંગ બાળકો માટે પતંગ પર્વ અને દાન-પૂણ્ય કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

હેત ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ પતંગોત્સવમાં સે-૭ના બગીચામાં સંસ્થાના માનસિક વિશિષ્ટ બાળકોએ રંગબરંગી પતંગો ઉડાડવાની મોજ માણી હતી. પતંગોત્સવમાં જાતે પતંગ ઉડાડી આ બાળકોના આત્મવિશ્વાસમાં ગજબનો વધારો થયેલો જોવા મળ્યો હતો આ સાથે બાળકોએ ગાયોને ઘાસચારો નીરવાનું પુણ્યકાર્ય પણ કર્યુ હતું.

# વી-કેર ફાઉન્ડેશન દ્વારા મકરસંક્રાતિ નિમિત્તે ઉગતા સૂર્યના વધામણા કરવામાં આવ્યા

ગાંધીનગર, તા.૧૬

ઉત્તારાયણના દિવસો સવારે ૬.૩૦ થી ૭.૩૦ કલાકે ગાંધીનગરના સેકટર-૧ના તળાવ ખાતે વી-કેર ફાઉન્ડેશન દ્વારા ઉત્તર દિશા તરફ ગતિ કરતા સૂર્યદેવને શ્લોકો તથા ગાયત્રી મંત્રોચ્ચાર કરીને તથા ધ્યાન કરી વધાવવામાં આવ્યા હતા અને સૂર્યેદવની પૂજા કરવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં વી-કેર ફાઉન્ડેશનના પ્રમુખ જે.સી. પટેલ, સેક્રેટરી રાજુ પટેલ, અન્ય સભ્યો, આર્ટ લવર્સ સંસ્થાના સભ્યો તથા ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગર કલબના ડાયરેકટર ભરત દેસાઈ તેમજ અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

વી-કેર ફાઉન્ડેશન સામાજીક સેવા કરતી તથા અબોલા પ્રાણીઓની સેવા કરતી સંસ્થા છે. આ સંસ્થાના પ્રમુખ અલગ અલગ ક્ષેત્રોના સમુદાયોને રોજીંદા જીવનમાં સ્વસ્થ કઈ રીતે રહેવાય તે માટે ફ્રીમાં સેમિનાર કરી સ્વસ્થ તથા તંદુરસ્ત સમાજનો ઉદભવ કરી રહ્યા છે. આ સંસ્થા અબોલા પ્રાણી, પંખી માટે માસિક ૨૫,૦૦૦ રૂ.થી ૩૦,૦૦૦ રૂ.ના અનાજના કણ ખરીદીને ચણ પુરા પાડવાનું કામ કરી રહી છે.

# દારૂનું ગોડાઉન રાખનાર બુટલેગર જીગો પાંચ દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના અડાલજ પાસે ખોરજ, સાંતેજ અને દંતાલી પાસેથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ભરેલા ગોડાઉનો મળી આવ્યા હતા. પોલિસે પકડેલા આ ત્રણેય મસમોટા ગોડાઉનોમાં જીગ્નેશ ઉર્ફે જીગો પટેલ નામનો શખ્સ મુખ્ય સુત્રધાર હોવાનું ખુલ્યું હતું. ચાંદખેડામાં દારૂ વેચતા પકડાઈ ગયેલા આ જીગાને અડાલજ પોલિસ ટ્રાન્સફર વોરંટથી લઈ આવી છે. જેને કોર્ટમાં રજુ કરતા કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

જીગ્નેશ ઉર્ફે જીગો પટેલ ચાંદખેડા પોલિસના હાથે ઝડપાઈ ગયા બાદ હવે ગાંધીનગર જિલ્લાના ત્રણ મોટા ગોડાઉનોના કેસમાં વોન્ટેડ આ આરોપીને ગાંધીનગર જિલ્લા પોલિસ લઈ આવી છે. ગોડાઉનમાં દારૂ-બિયરનો જથ્થો કોણે ભર્યો? કોણ કોણ આ પ્રકરણમાં સંડોવાયેલા છે? કરોડોના માલ પાછળ કોણ કોણ મોટા માથા છે? કોનું રોકાણ છે? તે સહિતની પુછપરછ માટે અડાલજ પોલિસે જીગાની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેના પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. અડાલજ પોલિસે જીગાનું ઈન્ટ્રોગેશન શરુ કર્યુ છે.

# શહેરના રાજસ્થાન સમાજની ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

## ટૂર્નામેન્ટમાં કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો : દેવ ક્રિકેટ ટીમ ચેમ્પિયન બની

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર ખાતેના સમસ્ત રાજસ્થાન સમાજ દ્વારા સેકટર-૧૫માં સરકારી વિજ્ઞાન કોલેજના મેદાન પર તા. ૧૫મી જાન્યુઆરીએ રાજસ્થાન સમાજની ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં દેવ ક્રિકેટ ટીમ વિજેતા બની હતી જેને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ ડી.ડી. કાપડિયાના હસ્તે ટ્રોફી તથા રોકડ ઈનામ આપી સન્માનવામાં આવી હતી.

શહેરમાં વસવાટ કરતી રાજસ્થાનની વિવિધ જ્ઞાતિઓને સમસ્ત રાજસ્થાન સમાજના નેજા હેઠળ એકત્ર કરી તેમનામાં સદભાવના ખીલે તે હેતુથી ક્રિકેટ ટૂર્નામેન્ટ રમાડવામાં આવી હતી. આ ટૂર્નામેન્ટને ઉત્સાહજનક પ્રતિસાદ સાંપડતા કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. ટૂર્નામેન્ટમાં મોટા ભાગની મેચ રોમાંચક નીવડી હતી અને અંતે દેવ ક્રિકેટ ટીમનો ફાઈનલમાં વિજય થયો હતો. વિજેતા ટીમને ચેમ્પિયન ટ્રોફી તથા રોકડા એકાવનસો રૂપિયાનું ઈનામ સ્પોર્ટસ ઓથોરિટીના સચિવ ડી.ડી. કાપડિયાના હસ્તે એનાયત કરાયું હતું. આ પ્રસંગે ભાજપના શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહેમાનોનું રાજસ્થાનની પરંપરાગત પાઘડી પહેરાવી સ્વાગત કરાયું હતું. સમગ્ર ટૂર્નામેન્ટ તથા સમાપન સમારોહનું આયોજન સમસ્ત રાજસ્થાન સમાજના અગ્રણીઓ ચુનીલાલ ચાંદણા, માંગીલાલ ગુર્જર, મીનાબજાર પ્રગતિ પાથરણા બજાર એસોસિએશનના પ્રમુખ તુલસીભાઈ માલી ચોળાફળીવાળા, માધુભાઈ પ્રજાપતિ, સુખાભાઈ ગુર્જર વડોદરાવાળા, હરદેવભાઈ ચારણ, થાનાભાઈ રબારી, શિવાલાલ ગુર્જર, ઉદેલાલ ખટાણા તથા અમરાજી વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું.



## @ગાંધીનગર

● શ્રી કષ્ટભંજન ગોદડીયા હનુમાનજી મંદિર સુંદરધામ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન ભજન અને સત્સંગ મહોત્સવ યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર મહાનગરપાલિકાના ૨૨ કાઉસીલરો મંગળવારે નૈનિતાલ જવા રવાના થયા છે.

● ગાંધીનગર શહેરમાં બેવડી ઋતુ પ્રવર્તતી હોવાથી શરદી-ખાંસી અને વાયરલ ફિવરના દર્દીઓની સંખ્યા વધી રહી છે.

● જિલ્લા પંચાયત અને તા. પંચાયતોની ચૂંટણી માટે ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા માટે આજે રાજય ચૂંટણી પંચ દ્વારા એક વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

● ગાંધીનગર-અમદાવાદના માર્ગ પર ઈઝરાયેલના વડાપ્રધાન એન્ઝામિન નેતન્યાદુને આવકારતા હોર્ડિંગ્સની ભરમાર જોવા મળે છે.

● દહેગામ તાલુકાના કડાદરા ગામે ઉત્તરાયણમાં સ્પીકર્સ વગાડવાની બાબતે થયેલી માથાકૂટથી પોલિસ ફરિયાદ લઈ દહેગામ પીઆઈએ એફઆઈઆર ફાડવાની ના પાડતા ફરિયાદીએ ડીએસપીને પત્ર લખી જાણ કરી છે.

## ઘાયલ પક્ષીઓની સારવાર થકી જન્મદિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરની વિવિધ સેવાકીય સંસ્થાઓ જેવી કે સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી વગેરે સાથે સંકળાયેલ મુકિતધામના મૂકસેવક એવા સેવાભાવી જીલુભા ધાંધલનો તા. ૧૪મી જાન્યુઆરી રવિવારના રોજ જન્મદિવસ હતો. આ જન્મદિનની ઉજવણી તેમણે મુકિતધામ સંકુલ સ્થિત મહાદેવજીના મંદિરે શિવપૂજાથી કરવા સાથે ઉત્તરાયણમાં પતંગની દોરીથી ઘાયલ ૨૮ પક્ષીઓની સેવા થકી કરી હતી. આ પ્રસંગે તેમણે નાનકડું સ્નેહમિલન યોજી સેવાભાવી વડીલો, સ્નેહીજનો, પરિવારજનો તથા મુકિતધામના સ્ટાફને ઉંધિયા-જલેબીના સમૂહ ભોજનની મોજ પણ કરાવી હતી.

## જે.એમ. ચૌધરી શાળા ખાતે વિજ્ઞાન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૬

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે ગ્રાન્ટેડ વિભાગની વિદ્યાર્થીનીઓ માટે વિજ્ઞાન સેમિનાર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્ટીમ એકેડેમી દ્વરા વિજ્ઞાનને લગતા પ્રયોગોનું નિદર્શન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓએ રસપૂર્વક આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને વિજ્ઞાન વિષયક માહિતી મેળવી હતી. શાળાના કાર્યકારી આચાર્યા રમીલા ચૌધરીએ સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. શાહ અરૂણાબેન બાલાભાઈ, ઉ.વ. ૬૫
- સ્વ. જાડેજા રાજેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ, ઉ.વ. ૩૬
- સ્વ. આતાજી બબાજી ઠાકોર, ઉ.વ. ૭૫